# રેલવે ફૂડ વિજિલન્સ ટીમના 15 સ્થળે દરોડા, બેદરકારી બદલ દંડ

**ગાંધીધામ**-મહેસાણા-પાલનપુરના બેઝ કિચનમાં તપાસ, ડબ્બા બજાર સરસપુરનું બેઝ કિચન બંધ કરાયું

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના રેલવે ફૂડ વિજિલન્સના સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે અમદાવાદ, મહેસાણા, વિરમગામ, પાલનપુર સહિતના વિવિધ સ્થળોએ ખોરાકનો પુરવઠો પૂરો પાડતા 15 બેઝ કિચન અને કેટરિંગ એકમોમાં એકસાથે ઓચિંતી તપાસ હાથ ધરાઈ હતી.

અમદાવાદના સરસપુરના ડબ્બા બજાર ખાતેના બેઝ કિચનમાં સડેલા શાકભાજી, ખુલ્લા મસાલા, ખરાબ ફ્રીઝર, અસ્વચ્છ રસોડું અને કર્મચારીઓ માટે ગણવેશ-સુરક્ષા સાધનોનો અભાવ જોવા મળ્યો હતો. રૂ.5 લાખનો દંડ કરી કિચન બંધ કરાયું હતું. શહેરના સાબરમતીના ધર્મનગર ખાતેના બેઝ કિચનમાં ખરાબ ફ્લાય કેચર, સડેલા બટાકા, વાસણ ધોવાના પ્રવાહીની અછત અને ક્ષતિગ્રસ્ત ગટરની જાળી મળી આવી હતી. કિચન સંચાલકને રૂ.5 લાખનો દંડ કરાયો હતો. ગુજરાત યુનિવર્સિટી નજીકના વિષ્ણુ એસ્ટેટના બેઝ કિચનમાં સડેલા બટાકા, માખીઓ, અસ્વચ્છતા, ખુલ્લા મસાલા અને રસોઈના તાપમાનની નોંધ ન રાખવા જેવી ખામીઓ મળી હતી. રૂ.5 લાખનો દંડ ફટકારાયો હતો. શહેરના સરસપુરના વોરાના રોઝા ખાતેના બેઝ કિચનમાં મંજૂર વેન્ડર યાદીનો અભાવ, અપૂરતું હવાઉજાસ, અસ્વચ્છતા અને સમયમર્યાદા પૂરી થયેલી ખાદ્યસામગ્રીનો જથ્થો મળ્યો હતો. ગંભીર બેદરકારી બદલ રૂ.10 લાખનો દંડ કરાયો હતો.

વિરમગામના નાસ્તા-ભોજનકક્ષમાં પ્લેટફોર્મ પર અતિક્રમણ, ગંદકી, વંદા-માખીઓ, ગંદા કપડાથી ઢાંકેલા કાચા વડાં, અનધિકૃત પીવાનું પાણી અને વેન્ડર તથા કર્મચારીઓ દ્વારા ગણવેશનો ઉપયોગ ન કરાતો હોવાનું મળ્યું હતું. રૂ.50 હજારનો દંડ કરાયો હતો. ગાંધીધામની સપના નગર કોલોની અને આદિપુરના રામબાગ રોડ ખાતેના બેઝ કિચન બંધ મળી આવ્યા હતા. બંને એકમોને રૂ. 1-1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. મહેસાણાના માલગોડાઉન રોડના બેઝ કિચનમાં ગેસ સિલિન્ડર ઉપલબ્ધ ન હતો અને નિર્ધારિત કિચનના બદલે અન્ય સ્થળેથી તૈયાર ભોજન લેવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. રૂ.1 લાખનો દંડ કરાયો હતો. પાલનપુરના બેઝ કિચનમાં સફાઈનો અભાવ અને ખોરાકને અલગ નહીં રાખવાને કારણે રૂપિયા 1 લાખનો દંડ કરાયો હતો.

## રક્ષાબંધને ૧૦૧ નવી ST બસોને ગાંધીનગરથી લીલી ઝંડી અપાઈ

ગાંધીનગરઃ રક્ષાબંધનના પર્વે રાજ્યની માતા-બહેનોને પરિવહનની સુવિધાની ભેટ આપતાં રાજ્ય સરકારે ૧૦૧ નવી એસ.ટી. બસ જનસેવામાં મૂકી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતેથી નવી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. નવી બસોમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર બસનો સમાવેશ થાય છે. રક્ષાબંધન દરમિયાન તા. ૨૬થી ૩૦ ઓગસ્ટ સુધી રાજ્યભરમાં ૬,૫૦૦ વધારાની ટ્રીપ દોડાવવામાં આવશે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરો ઉપરાંત અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા તીર્થધામોના માર્ગો પર વિશેષ બસો દોડાવાશે. મુસાફરો માટે ઓનલાઈન તથા ડેપો પરથી અગાઉથી ટિકિટ નોંધાવવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# જો ઇઝરાયેલ અને તુર્કી વચ્ચે યુદ્ધ થાય તો અમેરિકા કોને મદદ કરશે?



સીરિયાના અબુ અલ-દુહુર એરબેઝ પર ઇઝરાયલે ૧૮ ઓગસ્ટે હુમલો કર્યો અને ત્યાર બાદ બંને દેશો તરફથી સીધી ચેતવણીઓ આપવામાં આવી તેથી એક જટિલ પ્રશ્ન ફરીથી ઊભો કર્યો છે કે શું સીરિયાના મુદ્દે તુર્કી અને ઇઝરાયેલ યુદ્ધની નજીક પહોંચી ગયા છે? ઇઝરાયેલની રચના ૧૪ મે, ૧૯૪૮ના રોજ થઈ હતી અને તુર્કીએ તેને એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, ૨૮ માર્ચ, ૧૯૪૯ના રોજ માન્યતા આપી હતી. તુર્કી એ ઇઝરાયેલને એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપનાર પ્રથમ મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ હતો. પરંતુ લગભગ આઠ દાયકા પછી, પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાતી દેખાય છે. ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધે મધ્ય પૂર્વમાં સત્તાના સંતુલનને નોંધપાત્ર રીતે અસર કરી છે. ઇઝરાયેલ વધુ આક્રમક દેશ તરીકે ઊભરી આવ્યો છે. અમેરિકા ઇરાન સાથે લાંબા સંઘર્ષને ટાળી રહ્યું હોય તેવું લાગે છે, પરંતુ ઇઝરાયેલમાં એવી ચર્ચા ચાલી રહી છે કે જ્યારે ઇરાન નબળું પડી શકે છે, ત્યારે તુર્કી તેનું સ્થાન લઈ શકે છે.

દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રોફેસર અશ્વિની મહાપાત્રા કહે છે કે તુર્કી સાથે લડવું એ ઇઝરાયેલ માટે ઇરાન કરતાં સંપૂર્ણપણે અલગ બાબત છે. ઇઝરાયેલને ઇરાન સામે લડવામાં અમેરિકાનો ટેકો મળ્યો હતો, પરંતુ અમેરિકાની જેમ તુર્કી એક નાટો દેશ છે. જો એક નાટો દેશ પર હુમલો થાય છે, તો તેને બધા નાટો સભ્યો પરના હુમલા તરીકે જોવામાં આવશે. જો આપણે ઇઝરાયેલ અને તુર્કીની સેનાઓની તુલના કરીએ તો છેલ્લાં ૧૦ વર્ષમાં તુર્કી તેની લશ્કરી ક્ષમતાઓના સંદર્ભમાં ઘણું આત્મનિર્ભર બન્યું છે. તેની પાસે સ્વનિર્મિત ડ્રોન છે, જેની તે નિકાસ પણ કરે છે. હવે તેણે વિમાનોનું ઉત્પાદન પણ શરૂ કર્યું છે. તેનું લશ્કરી આધુનિકીકરણ ૧૯૭૮-૧૯૮૦ ની આસપાસ શરૂ થયું હતું, જ્યારે અમેરિકાએ તેના પર પ્રતિબંધ લાદ્યો હતો. ત્યારથી તેનું ધ્યાન અન્ય દેશો પરની તેની નિર્ભરતાને કેવી રીતે સમાપ્ત કરવી તેના પર છે. તેણે છેલ્લાં ૩૦-૪૦ વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ઇઝરાયેલ પાસે તુર્કી સામે લડવા માટે સંસાધનો નથી. હવાઈ ક્ષમતામાં ઇઝરાયેલ તુર્કી કરતાં થોડી આગળ છે, પરંતુ જો તુર્કીને અમેરિકા પાસેથી F-૩૫ મળે છે, તો તે ફાયદો ગુમાવી દેશે. તુર્કીનું નૌકાદળ ઇઝરાયેલના નૌકાદળ કરતાં ઘણું શક્તિશાળી છે.

**ટ્રુથ પોઈન્ટ**

**▪ સંજય વોરા ▪**

ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે ઉત્તર સીરિયામાં હવાઈ હુમલા કરીને તુર્કી સાથે એક નવો મોરચો ખોલવાનો નિર્ણય લીધો છે. તેલ અવીવના મુખ્ય હાઇ વે પર લગાવવામાં આવેલા એક વિશાળ બિલબોર્ડમાં તુર્કીને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના ચૂંટણી પ્રચારના કેન્દ્રમાં મૂકવામાં આવ્યું હતું. તેમાં ઈરાન, હિઝબુલ્લાહ અને ન્યૂ યોર્કના મેયરની સાથે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનને ઇઝરાયેલના વિરોધીઓ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ઇઝરાયેલને સીરિયા અને પ્રદેશમાં તુર્કીના વધતા પ્રભાવ અંગે ચિંતા કરવાનો અધિકાર છે. પરંતુ શું આવા હુમલાથી તુર્કીને પીછેહઠ કરવાની ફરજ પડી શકે છે? શું બધા રાજદ્વારી રસ્તાઓ ખતમ થઈ ગયા છે? શું મોસાદના વડા અને સીરિયાના વિદેશ પ્રધાન વચ્ચેની વાતચીત રાજદ્વારી પ્રક્રિયાનો વિકલ્પ બની શકે છે? તુર્કી નાટોનો સભ્ય છે અને અમેરિકાનો નજીકનો સાથી છે. તે એક સમયે ઇઝરાયેલનો પણ સાથી હતો અને હજુ પણ તેલ અવીવમાં દૂતાવાસ જાળવી રાખે છે. શું કોઈએ વિચાર્યું છે કે તુર્કી સાથે યુદ્ધ કેવું હશે અને તેની કિંમત શું હશે?

મધ્ય પૂર્વમાં ઊભરી રહેલા નવા અને વૈવિધ્યસભર પડકારોનો સામનો કરવા માટે ઇઝરાયેલે નવી નીતિ ઘડવી જોઈએ. જ્યારે નેતન્યાહૂ ઉત્તર સીરિયામાં તેમની ચોક્કસ કાર્યવાહીના મહિમાનો આનંદ માણી રહ્યા હતા, ત્યારે તેમની નજર સમક્ષ નવાં જોડાણો બની રહ્યાં હતાં અને ઇઝરાયેલ તેમાં સામેલ નહોતું. ફક્ત બોમ્બમારો કરવાથી સુરક્ષા સ્થાપિત થઈ શકતી નથી. બોમ્બમારો એ રાજદ્વારી અને કાળજીપૂર્વક રચાયેલી નીતિનો વિકલ્પ નથી. નેતન્યાહૂના શાસનકાળમાં બંનેનું મહત્ત્વ સતત ઘટતું ગયું છે. ઇઝરાયેલે અમેરિકન રાજદૂત ટોમ બરાકની ચેતવણીઓ પર ધ્યાન આપવું જોઈએ અને તુર્કી સાથેના સંઘર્ષમાં ફસાઈ જવાનું ટાળવું જોઈએ. સાઉદી અરેબિયામાં ભૂતપૂર્વ અમેરિકન રાજદૂત ચાર્લ્સ ફ્રીમેને કહ્યું કે ઇઝરાયેલ પાસે લાંબા ગાળાના અસ્તિત્વ માટે કોઈ વ્યૂહરચના નથી. તે માને છે કે તે હંમેશા બીજાઓ પર બંદૂક તાકીને જીતી શકે છે, પરંતુ તે કોઈ પણ રીતે અસ્તિત્વ ટકાવી રાખવાની વ્યૂહરચના નથી. ઇઝરાયેલમાં એક રાજ્ય તરીકે તેના લાંબા ગાળાના અસ્તિત્વ અંગે ગંભીર ચિંતાઓ છે. ઇઝરાયેલ લાંબા સમયથી સીરિયાને નિયંત્રિત કરવાની અને તેની સરહદોનો વિસ્તાર કરવાની નીતિ અપનાવી રહ્યું છે. ઇઝરાયેલ આને તેની સુરક્ષા માટે જરૂરી માને છે, જ્યારે ટીકાકારો કહે છે કે ઇઝરાયેલની કોઈ નિશ્ચિત સરહદો નથી અને તે જ્યાં ઈચ્છે ત્યાં તેની સરહદો વિસ્તારી શકે છે. તુર્કીમાં ઇઝરાયેલ સામે વ્યાપક જાહેર રોષ છે. એક સર્વે મુજબ તુર્કીનાં ૯૭ ટકા નાગરિકો ઇઝરાયેલનો વિરોધ કરે છે. ઇઝરાયલી નેતા નફતાલી બેનેટે તુર્કીને ઈરાન કરતાં મોટો ખતરો ગણાવ્યો છે. ઇઝરાયેલ પ્રત્યે એર્દોગનનું વલણ અત્યંત પ્રતિકૂળ છે. તુર્કી સીરિયામાં અનેક લશ્કરી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે, જેમાંથી કેટલીક પ્રવૃત્તિઓ ઇઝરાયેલ માટે ચિંતાનો વિષય છે.

મેર્સિન યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના સહયોગી પ્રોફેસર બુગરા સારીએ મિડલ ઇસ્ટ મોનિટરમાં લખ્યું છે કે તુર્કી એક સંયુક્ત સીરિયા ઇચ્છે છે, જે તેની સરહદોને નિયંત્રિત કરી શકે, સશસ્ત્ર જૂથોને તેના માળખામાં એકીકૃત કરી શકે, ઇસ્લામિક સ્ટેટ અને પીકેકેનાં જોખમોને દબાવી શકે અને શરણાર્થીઓના પરત ફરવાની સુવિધા આપી શકે. લગભગ ૯૦૦ કિલોમીટર લાંબી સરહદ સાથે તુર્કી સીરિયાના પુનઃ એકીકરણ માટે સૌથી મોટી કિંમત ચૂકવશે. બીજી બાજુ, ઇઝરાયેલ સીરિયાને તેની મર્યાદિત અને નબળી લશ્કરી ક્ષમતાઓ સાથે તેની સુરક્ષા માટે એક સારો વિકલ્પ માને છે. તે નબળા હવાઈ સંરક્ષણ, મર્યાદિત શસ્ત્રો, કબજા હેઠળના ગોલાન નજીક કોઈ પણ પ્રતિકૂળ દળોની ગેરહાજરી અને લશ્કરી કાર્યવાહીની સંપૂર્ણ સ્વતંત્રતા ઇચ્છે છે.

બશર અલ-અસદના શાસનકાળમાં ઈરાનનું સીરિયામાં પ્રભુત્વ હતું, પરંતુ અલ-શારાના આગમન પછી સીરિયામાં તુર્કીનો પ્રભાવ વધ્યો છે. પરિણામે, સીરિયામાં ઇઝરાયલની દુશ્મનાવટ હવે ઈરાન સાથે નહીં પણ તુર્કી સાથે છે. ઇઝરાયેલના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટે સોમવારે ઇઝરાયલી રેડિયો 103 એફએમને જણાવ્યું હતું કે જો ઇરાન નબળું પડે છે, તો કોઈ દેશ તેના દ્વારા બનાવેલા શૂન્યાવકાશને ભરી દેશે. મધ્ય પૂર્વમાં તેનો કુદરતી દાવેદાર તુર્કી છે, જેની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાઓ છે. તુર્કી સામ્રાજ્યવાદી વારસો ધરાવતો એક શક્તિશાળી દેશ છે. તે એશિયા અને યુરોપ વચ્ચે સ્થિત છે. અમેરિકાને બાદ કરતાં તેનું સૈન્ય નાટોમાં સૌથી મોટું છે. તેનો સંરક્ષણ ઉદ્યોગ ખૂબ જ મજબૂત છે અને તે યુરોપનાં મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રોમાંનો એક છે. તુર્કી એક મોટી શક્તિ છે અને પહેલાથી જ વિવિધ ક્ષેત્રોમાં તેનો પ્રભાવ અને પહોંચ વધારી રહ્યું છે. થિંક ટેન્ક બ્રુકિંગ્સ ઇન્સ્ટિટ્યૂશનના સિનિયર ફેલો અસલી આયદિન્તાસ્બાસે ગયા જુલાઈમાં બ્રિટિશ અખબાર ફાઇનાન્સિયલ ટાઇમ્સમાં લખ્યું હતું કે તુર્કી અને ઇઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ વૈચારિક અને ભૂ-રાજકીય બંને રીતે છે. એર્દોગનની સરકારે સુન્ની ઇસ્લામિક લોકવાદને તુર્કીના રાષ્ટ્રવાદ સાથે જોડી દીધો છે. તે જ સમયે, ઇઝરાયેલમાં જમણેરી ગઠબંધન દેશના ભવિષ્ય પ્રત્યે સમાન કટ્ટરપંથી દૃષ્ટિકોણ ધરાવે છે અને લેબનોન, ગાઝા અને સીરિયામાં લશ્કરી વર્ચસ્વ સ્થાપિત કરવા માંગે છે. આ બે વિરોધી વિચારધારાઓ સમાધાન માટે બહુ ઓછી જગ્યા આપે છે. સીરિયા સૌથી તાત્કાલિક યુદ્ધભૂમિ છે. ૨૦૨૪ ના અંતમાં અસદ શાસનના પતન પછી, બંને દેશો યુદ્ધ પછીના ક્રમને પોતાના હેતુ માટે આકાર આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તુર્કીએ સીરિયામાં પોતાનો પ્રભાવ વધાર્યો છે, તેના સાથીઓને ટેકો આપ્યો છે, જેઓ હવે સત્તામાં છે અને અંકારા સાથે સ્થિર કેન્દ્રિય સરકારની હિમાયત કરી રહ્યા છે. તુર્કી પહેલાંથી જ ઉત્તર સીરિયાના મોટા ભાગોને નિયંત્રિત કરે છે અને સમગ્ર દેશમાં પોતાનો આર્થિક અને લશ્કરી પ્રભાવ વધારવા માંગે છે. જો સીરિયામાં ઇઝરાયેલ અને તુર્કી ટકરાશે તો મધ્ય પૂર્વમાં નવાં ભીષણ યુદ્ધનો પ્રારંભ થશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે ઉત્તર સીરિયામાં હવાઈ હુમલા કરીને તુર્કી સાથે એક નવો મોરચો ખોલવાનો નિર્ણય લીધો છે**

## ટીબીની બિનજરૂરી સર્જરી ટળીઃ સ્યુડોમોનાસ બેક્ટેરિયાના સચોટ નિદાનથી સાજી થયેલી

# 14 વર્ષની મુસ્લિમ દીકરીએ સ્પાઈન સર્જનને રાખડી બાંધી

**બાયોપ્સીથી** સાચું કારણ બહાર આવ્યું, યોગ્ય સારવારથી બિહારની ઈકરાને નવી જિંદગી મળી

અમદાવાદઃ રક્ષાબંધન અને ઈદના પર્વના સંગમ વચ્ચે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટમાં તબીબી વિશ્વાસ અને સામાજિક સમરસતાનું અનોખું દૃશ્ય સર્જાયું હતું. બિહારની ૧૪ વર્ષની ઈકરા શેખે પોતાના સ્પાઈન સર્જન ડૉ. પીયૂષ મિત્તલને રાખડી બાંધીને ડોક્ટરને ભાઈ અને રક્ષક સમાન ગણાવી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ઈકરાને થોડા સમય પહેલાં કમરમાં અસહ્ય દુખાવો શરૂ થયો હતો. શરૂઆતમાં સામાન્ય દવાઓથી રાહત ન મળતાં અન્યત્ર કરાવેલા ચુંબકીય પ્રતિધ્વનિ પરીક્ષણના આધારે તેને ક્ષયરોગ હોવાનું જણાવવામાં આવ્યું હતું અને સર્જરી કરાવવાની સલાહ આપવામાં આવી હતી. વધુ યોગ્ય માર્ગદર્શન માટે તેઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટમાં પહોંચ્યા હતા.

ડિરેક્ટર અને વરિષ્ઠ સ્પાઈન સર્જન ડૉ. પીયૂષ મિત્તલે ઈકરાની તપાસ કર્યા બાદ સચોટ નિદાન માટે બાયોપ્સી કરાવવાની સલાહ આપી હતી. બાયોપ્સીના અહેવાલમાં ક્ષયરોગ નહીં પરંતુ ‘સ્યુડોમોનાસ’ બેક્ટેરિયાનું ચેપ હોવાનું બહાર આવ્યું હતું. આ સચોટ નિદાન બાદ કોઈ બિનજરૂરી સર્જરી કે ક્ષયરોગની દવાઓ આપવાને બદલે યોગ્ય પ્રતિજીવાણુ સારવાર શરૂ કરવામાં આવી હતી. સારવારથી ઈકરાના દુખાવામાં ઝડપથી રાહત મળવા લાગી અને તે સાજી થઈ હતી.

### ‘ડોક્ટર નહીં, ભાઈ અને રક્ષક સમાન’

સારવાર બાદ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં ઈકરા શેખે જણાવ્યું હતું કે ડોક્ટરે તેને ખોટા માર્ગે જતાં અને મોટી સર્જરીથી બચાવી લીધી છે. ડોક્ટરે સાચું નિદાન કરીને તેને નવી જિંદગી આપી હોવાનું જણાવતાં ઈકરાએ રક્ષાબંધનના દિવસે રાખડી બાંધીને આભાર માનવો પોતાના માટે સૌથી મોટો આનંદ ગણાવ્યો હતો. ડો. પીયૂષ મિત્તલ પોતાના માટે માત્ર ડોક્ટર નહીં પરંતુ ભાઈ અને રક્ષક સમાન હોવાનું પણ તેણે જણાવ્યું હતું.

# ગુજરાત સરકારના ડાયાલિસિસ પ્રોગ્રામમાં ૮૨.૫૭ કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ

**પત્નીની** સંસ્થા બાયો ટ્રસ્ટ મેડિકલ ડિવાઈસીસને કરોડોના વિવિધ કોન્ટ્રાક્ટ આપી દીધાઃ કોંગ્રેસ

**કેગના** રિપોર્ટમાં ખરીદીના હિસાબો, રેકોર્ડ ઉપલબ્ધ ન કરાયો હોવાનો ઉલ્લેખ

અમદાવાદઃ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના પ્રોગ્રામ ઓફિસર કિરણ પરીખ વર્ષ ૨૦૧૬- ૨૦૧૭ થી વર્ષ ૨૦૨૫- ૨૦૨૬ સુધી ફરજ બજાવતા હતા. કેગના અહેવાલમાં કિરણ પરીખના નામનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કિરણ પરીખ દ્વારા પોતાની જ પત્ની બીના કિરણ પરીખના નામની કંપની બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસને ૮૨.૫૭ કરોડના વિવિધ કામના ઓર્ડર આપી દેવા માં આવ્યા. આ ઘટના સીધું કન્ફ્લિક્ટ ઓફ ઈન્ટરેસ્ટનું ઉદાહરણ છે. ફાઈલોમાં GSTની વિગત અને ઈમેઈલની માહિતીમાં બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસમાં કિરણ પરીખની પત્નીની માલિકીના પુરાવાના આધારે કેગ દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યો છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતુ કે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામમાં ઘર ના ભુવા ઘર ના ડાકલા જેવો તાલ થયો છે. સંસ્થા પોતે કેગ ને જવાબ આપતી વખતે સ્વીકારે છે કે પ્રોજેક્ટ ઓફિસરના પિતા અને ભાઈઓ આ પ્રોજેક્ટમાં શામિલ છે. કિરણ પરીખના ભાઈઓ અને પિતાનું પોસ્ટિંગ ખરીદી સંબંધિત ખાતામાં અને અલગ અલગ અગત્યની જગ્યાએ પોસ્ટેડ હતા. શું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ કિરણ પરીખ અને પરિવારનો ફેમિલી પ્રોજેક્ટ હતો? શું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ ને ખાનદાની ધંધો બનાવીને ૮૨.૫૭ કરોડનું કરી નાખનારમાં કોઈ બીજા ની ભાગીદારી હતી? વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી ૨૦૨૫- ૨૦૨૬ના દસ વર્ષ દરમિયાન કોઈ પણ અધિકારી સામે ૮૨.૫૭ કરોડની ગેરરીતિ સામેના આવી ?

કેગના રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ખરીદીના હિસાબો, ફાઈલોના રેકોર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી. શું આ પ્રકારના ભ્રષ્ટાચાર માટે ફોજદારી ફરિયાદ થવીના જોઈએ? કિરણ પરીખ વર્ષ ૨૦૧૪માં ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના ટેક્નિકલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી ત્યાર વર્ષ ૨૦૧૮ માં પ્રોજેક્ટ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કિરણ પરીખ અને પરિવાર દ્વારા ૮૨.૫૭ કરોડ રૂપિયા ના કોન્ટ્રાક્ટો મેળવવા પાછળ કોણ જવાબદાર છે, ગેરરીતિના મળતિયાઓની માહિતી સરકાર દ્વારા ખુલ્લી પાડવામાં આવે.

# BUSINESS મિત્ર

## અમેરિકી ફુગાવાના ડેટા પહેલાં પ્રોફિટ બુકિંગથી સેન્સેક્સ-નિફ્ટી રેડ ઝોનમાં

# ક્રૂડ સસ્તું છતાં શેરબજારમાં નફાવસુલી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** વૈશ્વિક અનિશ્ચિતતાની સાથે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પુર્વે નફો બુક કરતા જોવા મળ્યા છે. જેના લીધે આજે ઉપરથી નફાવસુલી રહી હતી અને નિફ્ટી 24200ની નજીક બંધ રહી હતી. જેમાં આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મેટલ અને પ્રાઈવેટ બેન્ક શેરોમાં સુધારો જોવાયો હતો. આજે ઈદ-એ-મિલાદના પગલે કરન્સી બજાર બંધ જોવાયું હતું.

ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં વેચવાલી રહી હતી. ઈરાને કહ્યું કે, ઓઈલના પરિવહન માટે ઓમાન માટે હોર્મુઝ સ્ટ્રેટ અંગે ઓમાન સાથે વાતચીત કરી છે, જે ફરીથી ખુલવાની નવી આશા જાગી છે, જેથી ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો જોવાયો હતો, પણ તેની ભારતીય શેરબજારમાં કોઈ અસર જોવા મળી નહતી. બીએસઈ સેન્સેક્સ 183.15 પોઈન્ટ એટલે કે 0.24 ટકા ઘટીને 77472.94 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77986.84 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77472.94ના સ્તર સુધી ઘટ્યો હતો. નિફ્ટી 126.80 પોઈન્ટ એટલે કે 0.52 ટકા ઘટીને 24270.75 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24378 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24207 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 269.55 પોઈન્ટ એટલે કે 0.47 ટકા વધીને 57783.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ફોનીક્સ મીલ્સમાં 16.81 ગણા, મધરસન સુમીમાં 7.14 ગણા, સીઆઈઈ ઓટોમોટિવમાં 5.84 ગણા, સાગીલીટી લિ.માં 4.47 ગણા, કોરોમાંડલમ ઈન્વેસ્ટમેન્ટમાં 4 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એસબીએફસી ફાઈ.માં 8.11 ગણા, સાયન્ લિ.માં 7.9 ગણા, વરૂણ બેવરેજીસમાં 7.81 ગણા, સેગલીટી લિ.માં 6.1 ગણા અને સીઈ ઈન્ફો સીસ્ટમમાં 5.86 ગણા કામકાજ નોંધાયા છે. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.47 ટકા ઘટ્યો હતો. જેમાં ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રા, વિપ્રો, એલટીએમ, એચસીએલ ટેકનો, એમફાસીસ, ટીસીએસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ અને કોફોર્જ ઘટ્યા હતા. બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.17 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.56 ટકા સુધર્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2395 શેરો વધ્યા હતા, જ્યારે 1933 શેરો ઘટ્યા હતા અને 222 શેરો યથાવત રહ્યા હતા.વૈશ્વિક સ્તરે ક્રુડના ભાવમાં તીવ્ર ઘટાડાના કારણે મેક્રો રહાત મળતા યુરોપિયન બજારો એક સપ્તાહની ઉંચી સપાટીની નજીક પહોંચી ગયા છે. જેમાં આજે પણ સુધારાની ચાલ આગળ વધી હતી. જ્યારે રોકાણકારો એનવીડિયાની કમાણી અને યુએસ ફુગાવાના મુખ્ય ડેટાની રાહ જોતાં હતા, જેના પોઝિટિવ સંકેતોની પાછળ એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા. ઈરાન અને ઓમાન હોર્મુઝમાંથી શીપીંગ ફરીથી શરૂ કરવાના હેતુથી વચગાળાના માળખા પર ચર્ચા કરતા બ્રેન્ટ ક્રુડ ઘટીને 86 ડોલર પર આવી ગયું હતું, જેની બજાર પર પોઝિટિવ અસર જોવા મળી હતી. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.08 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.59 ટકા અને ડેક્સ 0.31 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

એશિયન બજારોમાં નીક્કી 0.68 ટકા, હેંગસેંગ 0.50 ટકા, તાઈવાન 1.45 ટકા, કોસ્પી 0.96 ટકા, અને શાંઘાઈ 0.59 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 1.50 ટકા અને સ્ટ્રેઈટસ 0.25 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | -183.15 | 77472.94 |
| **નિફ્ટી** | -126.80 | 24207.75 |
| **બેન્ક નિફ્ટી** | 269.55 | 57783.75 |

**નિફ્ટી** — **ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 3.76 | 416.70 |
| એક્સીસ બેન્ક | 1.62 | 1255.00 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.57 | 1341.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.53 | 11717.00 |
| એચડીએફસી લાઇફ | 1.15 | 553.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 2.31 | 1902.10 |
| પાવરગ્રીડ | 2.14 | 265.20 |
| ઇન્ફોસીસ | 2.10 | 1120.00 |
| લાર્સન-ટુબ્રો | 1.96 | 4038.10 |
| નેસલે ઇન્ડિયા | 1.86 | 1451.50 |

**સેન્સેક્સ** — **ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 3.53 | 416.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.87 | 11751.00 |
| એક્સીસ બેન્ક | 1.33 | 1254.00 |
| ટાટા સ્ટીલ | 1.10 | 188.45 |
| બજાજ ફિન્સર્વ | 0.70 | 2010.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.94 | 1120.80 |
| ભારતી એરટેલ | 1.91 | 1905.00 |
| લાર્સન-ટુબ્રો | 1.76 | 4043.80 |
| પાવરગ્રીડ | 1.48 | 266.00 |
| ટેક મહિન્દ્રા | 1.38 | 1572.95 |

# ક્રેડિટ કાર્ડનો ક્રેઝ વધ્યો, જુલાઈના આંકડાએ ચોંકાવ્યા

**એચડીએફસી** બેન્ક અને એસબીઆઇએ બાજી મારીઃ ટ્રાન્ઝેક્શન વધ્યું, પણ ટ્રાન્ઝેક્શન દીઠ સરેરાશ ખર્ચમાં ઘટાડો થયો

નવી દિલ્હી, તા. 26: દેશમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ સતત વધી રહ્યો છે. આરબીઆઇના ડેટા અનુસાર જુલાઈ 2026માં બેન્કોએ ચોખ્ખું 12.6 લાખ નવા ક્રેડિટ કાર્ડ ઉમેર્યા છે. જે જુન કરતા 11.5 ટકા વધુ છે. તેજ સમયે, કર્ડિટ કાર્ડનો ખર્ચ પણ વાર્ષિક ધોરણે 7.4 ટકા વધીને 2.08 લાખ કરોડ રૂપિયો થયો છે.

જુલાઈમાં ક્રેડિટ કાર્ડના વ્યવહારોની સંખ્યા 24.5 ટકા વધીને 60.53 કરોડ થઇ છે. જોકે, ટ્રાન્ઝેકશનની સંખ્યામાં વધારો ખર્ચ કરતા ઘણો વધારે હતો. પરિણામે ટ્રાન્ઝેકશન દીઠ સરેરાશ ખર્ચ લગભગ 14 ટકા ઘટીને રૂ. 3440 થયો છે. આ સુચવે છે કે ગ્રાહકો હવે ક્રેડિટ કાર્ડનો વધુ વખત ઉપયોગ કરી રહ્યા છે, પરંતુ નાની ચુકવણી માટે.

એચડીએફસી બેંક જુલાઈમાં નવા ક્રેડિટ કાર્ડ ઉમેરવામાં મોખરે હતી. બેંકે જૂનમાં 1,63,511 કાર્ડ્સ ઉમેર્યા હતા, જે જૂનમાં 1,63,511 હતા. એસબીઆઈ કાર્ડ 1,83,076 કાર્ડ સાથે બીજા અને આઇસીઆઇસીઆઇ બેંક 1,70,156 કાર્ડ સાથે ત્રીજા ક્રમે છે.

આ સિવાય ફેડરલ બેંકમાં 1,08,492, આઇડીએફસી ફર્સ્ટ બેંકમાં 82,723, એક્સિસ બેંકમાં 70,091, કોટક મહિન્દ્રા બેંકમાં 64,617 અને આરબીએલ બેંકમાં 26,915 કાર્ડનો ઉમેરો થયો છે. તે જ સમયે, મોટા કાર્ડ ઇશ્યૂ કરનારાઓમાં ઈન્ડસઈન્ડ બેંક એકમાત્ર બેંક રહી હતી, જેના કાર્ડ્સની સંખ્યામાં 9,397 નો ઘટાડો થયો હતો. છેલ્લા એક વર્ષમાં દેશમાં લગભગ 1.1 કરોડ ક્રેડિટ કાર્ડ ઉમેરવામાં આવ્યા છે. આનાથી ક્રેડિટ કાર્ડની કુલ સંખ્યા 12.29 કરોડ થઈ ગઈ છે, જે વાર્ષિક ધોરણે 9.9 ટકાનો વધારો દર્શાવે છે. છેલ્લા એક વર્ષમાં એચડીએફસી બેંકે સૌથી વધુ 21 લાખ કાર્ડ ઉમેર્યા છે. આ પછી આઈસીઆઈસીઆઈ બેંકે 16.4 લાખ અને એસબીઆઇ કાર્ડે 5 લાખ કાર્ડ ઉમેર્યા છે. ક્રેડિટ કાર્ડના ખર્ચમાં પણ જાહેર ક્ષેત્રની બેંકોનો હિસ્સો વધ્યો છે. જુલાઈમાં જાહેર ક્ષેત્રની બેંકોના કુલ કાર્ડ ખર્ચ વાર્ષિક ધોરણે 22 ટકા વધીને 46,159 કરોડ રૂપિયા થયા છે. આનાથી ઉદ્યોગના કુલ ખર્ચમાં તેમનો હિસ્સો લગભગ 22.2 ટકા થઈ ગયો.

તે જ સમયે, ખાનગી ક્ષેત્રની બેંકોના ક્રેડિટ કાર્ડનો ખર્ચ 2.8 ટકા વધીને 1.50 લાખ કરોડ રૂપિયા થયો છે. આનાથી કુલ ક્રેડિટ કાર્ડ ખર્ચમાં ખાનગી બેંકોનો હિસ્સો ઘટીને લગભગ 72.1 ટકા થઈ ગયો છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા** ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ ’’ | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૭૧૦૦ |
| એમ-30 | ૭૦૦૦ |
| એસ-30 | ૬૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૬૯૦૦ |
| એસ-30 | ૬૮૦૦ |

# ખાનગી બેંકોની સરખામણીએ જાહેરક્ષેત્રની બેંકો વધુ કાર્યક્ષમ

**EAC-PM ના** અહેવાલ અનુસાર ટેકનોલોજી અને એઆઈ ઓટોમેશનથી સરકારી બેંકોની ઉત્પાદકતામાં મોટો ઉછાળો

મુંબઈ, તા. 26: ખાનગી ક્ષેત્રની બેંકો કરતાં જાહેર ક્ષેત્રની બેંકો વધુ કાર્યક્ષમ છે તેમ EAC-PM નો એક અહેવાલ જણાવે છે.

જાહેર ક્ષેત્રની બેંકોની કાર્યક્ષમતા FY20 માં 72.46 ટકાથી વધીને FY26માં 93.12 ટકા થઈ ગઈ છે, જેમાં પસંદગીની બેંકો દ્વારા મૂડી રોકાણ અને ટેકનોલોજી અપગ્રેડેશન દ્વારા કામગીરીમાં સુધારાને મુખ્ય કારણો તરીકે દર્શાવવામાં આવ્યા છે.

આમજનતાની ધારણાથી વિપરીત, પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM) દ્વારા રજૂ કરાયેલા કાર્યપત્રમાં કહેવામાં આવ્યું છે કે જાહેર ક્ષેત્રની બેંકોની કાર્યક્ષમતા ખાનગી બેંકો અને વિદેશી બેંકો કરતાં ઘણી સારી છે.

સૌમ્ય કાંતિ ઘોષ (પાર્ટ-ટાઈમ સભ્ય, EAC-PM અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર) અને તાપસ કુમાર પરિદા (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે અર્થશાસ્ત્રી) દ્વારા લખાયેલા આ પેપરમાં નાણાકીય વર્ષ 2015 થી નાણાકીય વર્ષ 2026 દરમિયાન 47 બેંકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને બેંકોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતાની ગણતરી કરવા માટે ડેટા એન્વેલપમેન્ટ એનાલિસિસ (DEA)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં 12 જાહેર ક્ષેત્રની બેંકો, 21 ખાનગી ક્ષેત્રની બેંકો અને 14 વિદેશી બેંકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૬૩૬૦ |
| તેજાબી સોનું | ૧૬૬૨૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૮૦૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૩૦૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૬૩૬૦૦ |
| ચાંદી (૯૯) | ૨૫૧૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૨૫૦૦ |

# મોટી કેપિટલ ધરાવતી કંપનીઓમાં એચએનઆઈનું રોકાણ વધ્યું

**પ્રથમ** વખત શેરબજારમાં એચએનઆઇનું રોકાણ 10 લાખ કરોડની નજીક પહોંચ્યું

મુંબઇ, તા. 26: ભારતના ઉચ્ચ નેટવર્થ રોકાણકારો એટલે કે એચએનઆઇ જુન ક્વાર્ટરમાં એનએસઈમાં લિસ્ટેડ કંપનીઓમાં તેમની ઈક્વિટી હોલ્ડીગ્સ રેકોર્ડ 9.92 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. જે માર્ચ અંતમાં રૂ. 81.0 લાખ કરોડનું હતું. એટલે કે ત્રણ મહિનાના સમયગાળામાં રોકાણનું મુલ્ય 1.83 લાખ કરોડનો વધારો થયો છે.

પ્રાઈમ ડેટા બેઝના ડેટા અનુસાર એચએનઆઈનો કુલ હિસ્સો 22.55 ટકા વધ્યો છે. આ ડિસેમ્બર 2025માં સ્થાપિત 9.56 લાખ કરોડ રૂપિયાના અગાઉના રેકોર્ડ કરતા પણ વધુ છે. આ વધારા સાથે એનએસઇ લિસ્ટેડ કંપનીઓમાં એચએનઆઈનો રોકાણ મુલ્ય આધારિત હિસ્સો 1.990 ટકાથી વધીને 2.12 ટકા થયો છે. માર્ચ 2022 પછીનું આ તેમનું સર્વોચ્ચ સ્તર છે. ફ્રી ફલોટ માર્કેટ કેપિટલાઈઝેશનમાં તેમનો હિસ્સો પણ 3.98 ટકાથી વધીને 4.25 ટકા થયો છે. હકીકત એ છે કે એચએનઆઈના કુલ શેર મુલ્યમાં તીવ્ર વધારો થયો છે, તેનો અર્થ એ નથી કે તેઓએ સમાન રકમના નવા શેર ખરીદ્યા છે. શેર મુડીની ટકાવારી તરીકે એનએસઇ કંપનીઓમાં તેમનો હિસ્સો 7.31 ટકાથી ઘટીને 7.19 ટકા થયો છે. આ સુચવે છે કે, પોર્ટફોલિયોના મુલ્યમાં વધારો મોટા ભાગના શેરના ભાવમાં ફેરફાર અને ઉચ્ચ મુલ્યની કંપનીઓમાં રોકાણથી આવ્યો છે. જેથી માત્ર ખરીદીની દ્રષ્ટિએ જોવું યોગ્ય નહીં ગણાય. કેટલીક કંપનીઓમાં તેમણે અન્યમાં શેર ખરીદ્યા અને વેચ્યા. આ હોવા છતાં ઘણા શેરમાં વધારો થવાના કારણે તેમના વર્તમાન હિસ્સાની બજાર કિંમતમાં વધારો થયો હતો.